નવી વર્ધિત પેન્શન યોજના
અંતર્ગત NPS ફાળાની કપાતનો
વિકલ્પ આપવા બાબત

ગુજરાત સરકાર

નાણા વિભાગ

ઠરાવ ક્રમાંકઃનપન/૧૦૨૦૧૧/ડી/૨૪૫/પી(પા.ફા.૧)

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ૧૬.03.૨0૨૩

વંચાણે લીધાઃ

(૧) નાણાં વિભાગનો તા.૧૮.03.૨૦૦૫ નો ઠરાવ ક્રમાંકઃનપન/૨003/GOI/૧૦/પી

(૨) નાણાં વિભાગનો તા.૨૯.૧૦.૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક: નપન/૧૦૨૦૧૧/ડી/૨૪૫/પી(પા.ફા.૧)

આમુખ:

વંચાણ હેઠળના ક્રમાંક (૧) પરના તા.૧૮.03.૨૦૦૫ના ઠરાવથી તા.0૧.0૪.૨૦૦૫ કે ત્યારબાદ નિયમિત નિમણૂક પામેલ કર્મચારીઓને નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના તા.૨૯.૧૦.૨૦૨૨ ના ઠરાવથી નવી વર્ધિત પેન્શન યોજના અંતર્ગત કર્મચારીના મૂળ પગાર + મોંઘવારી ભથ્થાની ૧૦ % રકમ ફરજિયાત કપાત સામે રાજ્ય સરકાર દ્વારા ૧૦ % સમાન ફાળા (Matching Contribution) તરીકે તેમજ કર્મચારીના મૂળ પગાર + મોંઘવારી ભથ્થાની ૧૨ % રકમ સામે સમાન સરકારી ફાળા પેટે ૧૨% અને કર્મચારીના મૂળ પગાર + મોંઘવારી ભથ્થાની ૧૪% રકમ સામે સમાન સરકારી ફાળા પેટે ૧૪% રકમ જમા કરવામાં આવે છે. ઉકત બાબતે નવી વર્ધિત પેન્શન યોજના

હેઠળના કર્મચારીઓને NPS ફાળાની કપાતનો વિકલ્પ આપવાની સમયમર્યાદા નક્કી કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

૧. પુખ્ત વિચારણાના અંતે, નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના કર્મચારીઓને તા.૨૯.૧૦.૨૦૨૨ના ઠરાવના પારા-૪માં દર્શાવેલ "નાણાકીય વર્ષમાં એકવાર વિકલ્પ આપ્યા બાદ કોઈ પણ સંજોગોમાં બદલી શકાશે નહી"ના સ્થાને આગામી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે NPS ફાળાની કપાતનો નવો વિકલ્પ આપવો હોય તો તા.૩૧/03/૨૦૨૩ સુધીમાં આપવાનો રહેશે.

૨. ત્યારપછીના આગામી નાણાકીય વર્ષો માટે નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના કર્મચારીઓ NPS ફાળાની કપાતનો નવો વિકલ્પ આપવા માંગતા હોય તો તેની અગાઉના નાણાકીય વર્ષના માર્ચ મહિનાની પ્રથમ તારીખથી પંદર તારીખ સુધીમાં વિકલ્પ આપવાનો રહેશે.

૩. નાણા વિભાગના તા.૨૯.૧૦.૨૦૨૨ના ઠરાવની અન્ય તમામ જોગવાઈઓ અને શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દીપલ હડીયલ)
નાયબ સચિવ
નાણા વિભાગ

નકલ રવાના:-

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર

માન. નાણા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર

માન. મંત્રીશ્રીઓ / રાજય કક્ષાના મંત્રીઓના અંગત સચિવશ્રીઓ

સચિવાલયના સર્વે વિભાગો/ તમામ ખાતાના વડાઓ/ તમામ કચેરીના વડાઓ,

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર

તમામ કલેકટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ

એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨), અમદાવાદ/રાજકોટ

નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર

નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર

નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર

સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ

તમામ તિજોરી અધિકારીઓ/તમામ પેટા તિજોરી અધિકારીઓ

પગાર અને હિસાબી અધિકારીઓ, અમદાવાદ/ગાંધીનગર

સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.

તમામ બોર્ડ/કોર્પોરેશન/નિગમો.

નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ

નાણા વિભાગની તમામ શાખાઓ

આઈ.ટી. કો-ઓર્ડીનેટર, નાણા વિભાગ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે

સિલેકટ ફાઇલ પેન્શન સેલ શાખા

- પત્ર દ્વારા